www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# GUJARATI

Name & Signature of the Invigilator

..................................................

..................................................

**PAPER – II**

**DEC-21/06**

OMR Answer Sheet No. : 

Roll No. : 

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................................................

Question Booklet Sl. No. 060963

**Time : 2 Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   ઉદાહરણ : (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

DO NOT WRITE HERE

Prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide

# GUJARATI
## Paper – II

1. 'આપણા કવિઓ' ખંડ-૧ ગુજરાતી સાહિત્યના ઈતિહાસ લેખન વિષયક આ ગ્રંથના કર્તા કોણ છે ?
   (A) અનંતરાય રાવળ
   (B) ધીરુભાઈ ઠાકર
   (C) નરસિંહરાવ દિવેટિયા
   (D) કે.કા.શાસ્ત્રી

2. 'પૃથ્વીનાં સુવર્ણ પુષ્પો ત્રણ પુરુષો વીણે છે : શૂરવીર, વિદ્વાન અને સેવક'- આ કયા પ્રકારના ધ્વનિનું દષ્ટાંત છે ?
   (A) અવિવક્ષિત વાચ્ય
   (B) વિવક્ષિતાન્યપર વાચ્ય
   (C) અસંલક્ષ્યક્રમ વ્યંગ્ય
   (D) સંલક્ષ્યક્રમ વ્યંગ્ય

3. 'વિવેચનની સાધના' (ઉમાશંકર જોશી) લેખ કયા વિવેચક સંદર્ભે લખાયો છે ?
   (A) બળવંતરાય ઠાકોર
   (B) રા. વિ. પાઠક
   (C) સુંદરમ
   (D) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

4. 'ભાષાનો સંબંધ માનવ મન સાથે પણ છે.' - આ વાત તરફ વિશેષ લક્ષ કયા સુપ્રસિધ્ધ ભાષાવિજ્ઞાનીએ આપ્યું છે ?
   (A) સ્ટર્ટિવન્ટ
   (B) ચોમ્સકી
   (C) દેરિદા
   (D) સોસ્યૂર

5. 'મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપોમાં આખ્યાન' વિષય પર કયા સંશોધકે સંશોધન કાર્ય કર્યું છે?
   (A) રમણલાલ શાહ
   (B) ચન્દ્રકાન્ત મહેતા
   (C) શશિન ઓઝા
   (D) રાજેશ પંડ્યા

6. બળવંતરાય ઠાકોરે સોનેટને કયા શબ્દોથી ઓળખાવવા પ્રયત્ન કર્યો હતો ?
   (A) ચતુર્દશી
   (B) ધ્વનિત
   (C) સનિટ્
   (D) સ્વનિત

7. વાલ્મીકિ 'રામાયણ' માં રાવણની માતાનું નામ શું છે ?
   (A) ત્રિજટા
   (B) કૈકશી
   (C) મંદોદરી
   (D) શરમા

8. 'નંદબત્રીસી' નું મુળ શામાં છે ?
   (A) કથાસરિત્સાગર
   (B) પંચદંડ
   (C) બૃહત્કથા
   (D) માર્કન્ડેય પુરાણ

9. તુલનાત્મક સાહિત્યના મૂળમાં શેનો આદર્શ હોય છે ?
(A) માનવતા (B) સમાજ સુધારણા (C) જીવનમૂલ્યો (D) સમન્વય

10. લોકપ્રિયતાના વિચારક તરીકે કોણ ઓળખાય છે ?
(A) બર્નોલ્ડ બ્રેખ્ત (B) કલાઈમ બ્લૂમ (C) લૉરેન્સ એલોવ (D) સાર્ત્ર

11. કઇ નવલકથા ચુનીલાલ મડિયાની નથી ?
(A) ખેતરને ખોળે
(B) વ્યાજનો વારસ
(C) પાવક જ્વાળા
(D) લીલુડી ધરતી

12. 'કાવ્ય હેતુ' માં કયા તત્વોનો સમાવશે કરવામાં આવ્યો નથી ?
(A) પ્રતિભા
(B) વ્યુત્પતિ
(C) અભ્યાસ
(D) અભિધાર્થ

13. કયો વિવેચન ગ્રંથ રા.વિ. પાઠકનો નથી ?
(A) કાવ્યની શકિત
(B) શબ્દની શકિત
(C) સાહિત્ય વિમર્શ
(D) સાહિત્ય લોક

14. ભરતીય ઉપખંડમાં કયુ ભાષાકુળ નથી ?
(A) ચીની-તિબેટી ભાષાકુળ
(B) દ્રવિડી ભાષાકુળ
(C) મોનખ્મેર ભાષાકુળ
(D) બાન્ટુ ભાષાકુળ

15. કયા સંશોધકે પિંગળ વિષયક સંશોધન ગ્રંથ આપ્યો નથી ?
(A) કમળાશંકર ત્રીવેદી
(B) રમણિક મારૂ
(C) રણછોડભાઇ ઉદરામ દવે
(D) રા.વિ. પાઠક

16. કરૂણપ્રશસ્તિ નું કયું લક્ષણ નથી ?
(A) મૃત્યુજન્ય શોકનું આલેખન
(B) પ્રશસ્તિ
(C) ભાવવળાંક
(D) ચિંતન

17. 'ઉત્તરરામચરિત' માં કયા ઋષિનો ઉલ્લેખ નથી ?
(A) વશિષ્ઠ
(B) ઋષ્યશૃંગ
(C) અષ્ઠાવક
(D) મતંગ

Prepp
Your Personal Exams Guide

18. કઇ કાવ્યપંકિત રાવજી પટેલની નથી ?
(A) મિત્રો, હું શેકાઇ ગયેલો ઘંઉનો દાણો છું!
(B) શબ્દની આરપાર જીવ્યો છું, હું બહુ ધારદાર જીવ્યો છું
(C) દેહમાં પુરાયેલું અસ્તિત્વ આ ગમતું નથી
(D) સદા ધરથી છેટે રહયો ઘાસ જેવો

19. તુલનાત્મક સાહિત્ય વિશે નોંધપાત્ર ગ્રંથ કોણે આપ્યો નથી ?
(A) નરેશ વેદ
(B) ધીરૂ પરીખ
(C) અશ્વિન દેસાઇ
(D) ચૈતન્ય દેસાઇ

20. ગુજરાતી સાહિત્યના સમાજશાસ્ત્ર વિશે કોણે કામ કર્યું નથી ?
(A) માણેકલાલ પટેલ
(B) વિદ્યુત જોશી
(C) નીતા ભગત
(D) નીરા દેસાઇ

21. સર્વથા સંગત જુથ જણાવો.
(A) રાસસહસ્ત્રપદી, નરસિંહ માહ્યરા, મૃગલીસંવાદ
(B) રણયજ્ઞ, અભિમન્યુ આખ્યાન, મિત્રધર્માખ્યાન
(C) પ્રેમરસગીતા, ઉદ્ધવગીતા, મુકુન્દબાવની
(D) પ્રેમપરીક્ષા, ભકિત પોષણ, રસિક વલ્લભ

22. સર્વથા સંગત જુથ જણાવો.
(A) આન્દ્રે બ્રેતો, સરરિયાલિઝમ, માઇથોલોજીસ
(B) વર્જિનિયા વુલ્ફ, એ રૂમ ઓફ વન્સ ઓઉન, નારીવાદ
(C) જુલિયા ક્રિસ્ટિવા, વાસ્તવવાદી, રિવોલ્યુશન ઇન પોએટિક લેંગ્વેઝ
(D) દેરીદા, ઓફ ગ્રામેટોલોજી, ઇકોક્રિટિસિઝમ

23. સર્વથા સંગત જુથ જણાવો.
(A) અનુઆધુનિકતાવાદ, બહુસંવાદ, સંસર્જનાત્મક, કાવ્યવિજ્ઞાન
(B) અષ્ઠમોઘ્યાય, કથોપકથન, ગુજરાતી સાત્યિમાં આધુનિકતાવાદ
(C) વાંક દેખા વિવેચન, વિવેચનની ભૂમિકા, ગુજરાતી સાહિત્યમાં જૈનોનું પ્રદાન
(D) કળા, સાહિત્ય અને વિવેચન, ક્યા વિવેચનપ્રતિ, વિવેચનનું વિવેચન

www.prepp.in

Prepp Your Personal Exams Guide

24. સર્વથા સંગત જુથ જણાવો.

(A) દહીવડા, આગગાડી, ચિત્રકલા
(B) સપ્તપદી, મધમીઠું, નવરાત્રી
(C) નિલકંઠ, દશાનન, ઘનશ્યામ
(D) પ્રતિદિન, યથાશકિત, મર્મજ્ઞ

25. સર્વથા સંગત જુથ જણાવો.

(A) સંદર્ભ સુચિમાં ગ્રંથ સંદર્ભોની ગોઠવણી : શબ્દાનુસાર, આકારદિક્રમે, શબ્દક્રમાનુસાર
(B) હાઈપોથીસિસ : ઉત્કલ્પના, પૂર્વધારણા, વિચારગોષ્ઠી
(C) સંશોધન પદ્ધતિ : સર્વેક્ષણ, વર્ગીય, પ્રાયોગિક
(D) વસ્તુની વાસ્તવિક સતા હોય તે : તથ્ય, સત્ય, સત્વ

26. સર્વથા સંગત જુથ જણાવો.

(A) લોહીનું ટીપું, લોહીની સગાઇ, સાપના ભારા
(B) વીર નર્મદ, કવિશ્વર દલપતરામ, શુક્રતારક
(C) આકાર, અશ્રુઘર, શર્વિલક
(D) અતિજ્ઞાન, વીણાનો મૃગ, વળાવી બા આવી

27. સર્વથા સંગત જુથ જણાવો.

(A) ધૂતા, દંદ્રરક, દુર્મુખ
(B) કીચક, પરીક્ષિત, તાડકાસુર
(C) સર્વદમન, ગૈતમી, પરશુરામ
(D) શલ્યરાજ, ઇન્દ્ર, કર્ણ

28. સર્વથા સંગત જુથ જણાવો.

(A) શોધ, છિન્નભિન્ન છું, પંખીલોક
(B) મોએ-જો-દડો, જટાયુ, શુળ અને શમણાં
(C) આધુનિક અરણ્ય, પાત્રો , આયુષ્યના અવશેષો
(D) મારો શામળિયો, વહવાયા, મારી કિસ્તી

29. સર્વથા સંગત જુથ જણાવો.

(A) આઉટસાઇડર, બેરેન્જર, રેમોંડ
(B) પુલિસીસ, ડબ્લિન નગર, રાકા
(C) ફોન્તામારા, પેપિનો, બેરાર્દો
(D) બ્યુટીફુલ વન્સ આર નોટ બોર્ન, ડેઇઝી, આયો

30. સર્વથા સંગત જુથ જણાવો.
(A) રૂપાંતર, ફિલ્મકલા વિચાર, ફિલ્માંતર
(B) કેમેરાની આંખે સાહિત્ય, દેશ્યાવલોકન, ફિલ્મ નિર્માણકલા
(C) ભારતીય સિનેમાના સો વર્ષ, ફિલ્મ સર્જન પ્રક્રિયા, નવલકથા અને સિનેમા
(D) ફિલ્મ દર્શન, સત્યજીતની સિનેસૃષ્ટિ, સત્સંગ સિનેમાનો

31. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) જક્ષણી, જમનાનું પૂર, બુદ્ધિવિજય
(B) ખીચડી, તરુરાગ, વસિયત
(C) આંસુની મૂર્તિ, ગોવિંદનુ ખેતર, હૃદય પલટો
(D) બા, નીલીનું ભૂત, ગુલામદીન ગાડીવાળો

32. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) સંભાવના વિરહ, સ્ફુટત્વનો અભાવ, રોમાંચ
(B) સ્તંભ, સ્વેદ, સ્વરભંગ
(C) નિર્વેદ, શંકા, આવેગ
(D) રતિ, શોક, વિસ્મય

33. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) અવલોકના, સાવિદ્યા, સાહિત્યચિંતન
(B) આલોચના, આકલન, અનુબોધ
(C) ઉપાયન, દ્રુમપર્ણ, પરિશીલન
(D) લિરિક, કવિતાશિક્ષણ, વિવિધ વ્યાખ્યાનો

34. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) સ્વયં, ખુદ, પંડે
(B) ખરેખર, ભલે, કદાચ
(C) અતિ પુનઃ, વિ
(D) વતી, થી, માં

35. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) બોલી વિચારણા : શાંતિભાઇ આચાર્ય અને યોગેન્દ્ર વ્યાસ
(B) ધ્વનિ વિચારણા : ભારતી મોદી અને પ્રબોધ પંડિત
(C) સમાસ વિચારણા : જે.સી. દવે અને પ્રભાશંકર તેરૈયા
(D) આદિવાસી સાહિત્ય સંશોધન : ડાહ્યાભાઇ વાઢુ અને ભગવાનદાસ પટેલ

36. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) ભવાઇ : પાત્રો ઠઠ્ઠારૂપ, વ્યંગ-કટાક્ષ, ચિંતનતત્વ
(B) પ્રબંધ : ઐતિહાસીક કથાનકો, વીરરસ, કથાત્મક કાવ્યો
(C) પદ્યવાર્તા : આડકથાઓ, વૈવિધ્યસભર નારિસૃષ્ટિ, સમસ્યાઓ
(D) આખ્યાન : કડવા, મુખબંધ, વલણ

Prepp
Your Personal Exams Guide

37. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) રામઐતાળ, સરસોતી, પારોતી
(B) હરિમિશ્ર, રગજી પ્રધાન, બીરજું
(C) જીવન મશાય, આતરવહુ, નજમ્મા
(D) ગંગજમા, ચેમ્નિગરાય, અપ્પણ્ણપ્પા

38. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) દ્વારકા, કલકતા, ગોઠગામ
(B) રાંદેર, સુરત, મુંબઇ
(C) નંદિગ્રામ, ઉડ્ગ્રામ, લવણદ્વીપ
(D) સુવર્ણપુર, રત્નનગરી, મનહરપુર

39. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) સિદ્ધાર્થ, વાસુદેવ, કમલા
(B) ઓયો, રેમોંડ, મોલીબ્લૂમ
(C) મેકબેથ, માલ્કમ, મેકડફ
(D) વ્હાદિમિર, એસ્ટ્રોગોન, પોત્ઝો

40. સર્વથા વિસંગત જુથ જણાવો.
(A) ધનજી કાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક : જોસેફ મેકવાન, જયંત ગાડીત
(B) ગુજરાત સાહિત્ય અકાદમીનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર : નિરંજન ભગત, વિનોદ ભટ્ટ
(C) ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી પુરસ્કાર : મનુભાઇ પંચોળી 'દર્શક', નારાયણ દેસાઇ
(D) આદિકવિ નરસિંહ મહેતા સન્માન પુરસ્કાર : ચંદ્રકાન્ત શેઠ, ઉષા ઉપાધ્યાય

41. કઈ બે જૈનેતર કૃતિઓ છે?
a. સંદેશક રાસ
b. રણમલ છંદ
c. પૃથ્વીચંદ્રચરિત
d. પંચપાડવચરિતરાસ

(A) (a) અને (b)
(B) (b) અને (c)
(C) (c) અને (d)
(D) (a) અને (d)

42. કલાસિસિઝમના કયા બે ગુજરાતી પર્યાયો છે?
a. કૌતુકરાગી
b. રંગપ્રધાન
c. શિષ્ટાચારી
d. રૂપપ્રધાન

(A) (a) અને (b)
(B) (b) અને (c)
(C) (c) અને (d)
(D) (a) અને (c)

Prepp
Your Personal Exams Guide

43. નર્મદના સાહિત્યવિચારના કયાં બે મહત્વના વિચારો છે?
a. પ્રજ્ઞાને પ્રતિભાથી ચડિયાતી અને વિરલશકિત ગણાવી
b. અક્ષરમેળ વૃતોનાં કાવ્યોને શુદ્રકવિતા ગણાવી
c. લિરિક એટલે ગીતકવિતા
d. વિચારપ્રધાન કવિતાને દ્વિજોતમજાતિની ગણાવી.
(A) (a) અને (b) (B) (a) અને (c) (C) (b) અને (d) (D) (b) અને (c)

44. શબ્દમાં થયેલા વ્યત્યયનાં કયાં બે દ્રષ્ટાંતો છે?
a. આર્યુવેદ
b. આંતક
c. દ્રાદશ
d. લવેરિયા
(A) (a) અને (c) (B) (a) અને (b) (C) (c) અને (d) (D) (a) અને (d)

45. હસુયાજ્ઞિકના કયાં બે સંશોધનગ્રંથો છે?
a. લોકસાહિત્યમાં કથનશૈલી
b. લોકસાહિત્ય વિજ્ઞાન
c. લોકસાહિત્ય સંશોધન પદ્ધતિ
d. લોકવાડમય
(A) (b) અને (c) (B) (a) અને (b) (C) (c) અને (d) (D) (b) અને (d)

46. ગઝલ સ્વરૂપની સાથે કઇ બે સંજ્ઞાઓ સંકળાયેલી છે ?
a. મત્લા-મકતા
b. બહેર
c. વૃતવૈવિધ્ય
d. ધ્રુવપંકિત
(A) (a) અને (d) (B) (b) અને (c) (C) (a) અને (b) (D) (a) અને (c)

47. ઉડિયા ભાષાની કઇ બે કૃતિઓ છે ?
a. ધરતી ખોળે પાછો વળે
b. માટીનો માનવી
c. ચેમ્મીન
d. છ વીઘા જમીન
(A) (a) અને (b) (B) (b) અને (c)
(C) (a) અને (d) (D) (b) અને (d)

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

48. 'દૂરના એ સૂર' ના કયા બે નિંબધો છે?

a. પુલ
b. વેણુરવ
c. વર્ષાવિદન
d. પ્રવાહ

(A) (a) અને (b)
(B) (a) અને (d)
(C) (b) અને (c)
(D) (c) અને (d)

49. કઈ બે નવલકથાઓ છે?

a. ધ ટ્રાયલ
b. ધ રોડ
c. ફાયર ઓન ધ માઉન્ટેન
d. એ રૂમ ઓવ વન્સ ઓઉન

(A) (a) અને (c)
(B) (a) અને (b)
(C) (c) અને (d)
(D) (d) અને (c)

50. કયા બે સર્જકો સાહિત્ય અને કાયદા ના ચિંતક છે?

a. બેન્જામિન કાર્ડોજ
b. વિલિયમ હેજલિટ
c. કલાઈમ બ્લૂમ
d. જહોન ગ્લોરી

(A) (a) અને (d)
(B) (b) અને (c)
(C) (a) અને (b)
(D) (c) અને (d)

Prepp Your Personal Exam Guide

51. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. કબીરવડ | i. ભગીરથ બ્રહ્મભટ્ટ |
| b. કલાન્ત કવિ | ii. સતીસ ડણાક |
| c. વનપર્વ | iii. નર્મદ |
| d. પદાર્થપર્વ | iv. બાલાશંકર કંથારિયા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | ii | iii | i | iv |
| (C) | iv | iii | ii | i |
| (D) | iii | iv | ii | i |

52. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. ફર્ડિનાન્ડ ડી. સોસ્યુર | i. જર્મન ફિલોસોફર |
| b. જેક લકાન | ii. લેખન વિચાર |
| c. હાન્સ ગાડામાર | iii. મનોવિશ્લેષક |
| d. દેરિદા | iv. સંરચનાવાદી-ભાષાવિજ્ઞાની |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | iv | iii | i | ii |
| (C) | iv | ii | iii | i |
| (D) | iii | iv | ii | i |

53. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. અમેરિકન ટુંકીવાર્તા | i. ઉમાશંકર જોશી |
| b. એસી હૈ જીન્દગી | ii. ચંદ્રકાન્ત ટોપીવાળા |
| c. ગુલે પોલાંડ | iii. સુરેશ જોષી |
| d. કલ્પો કે કલ્પના મરી પરવારી છે | iv. સુંદરમ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iii | iv | i | ii |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | iv | iii | i |
| (D) | iv | iii | ii | i |

54. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. માન સ્વરો | i. ડેનિયલ જોન્સ |
| b. કૃત્રિમ ભાષા | ii. ડો.એલ.એસ. જોમેનહોફ |
| c. જર્મન બોલીના નકશા | iii. જયોર્જ વર્કર |
| d. બોલીવિજ્ઞાનના પિતા | iv. ગ્રિયર્સન |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | ii | iv | i | iii |
| (C) | i | ii | iii | iv |
| (D) | iii | i | iv | ii |

Prepp
Your Personal Exams Guide

55. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. કાવ્યવિવેચનની સમસ્યા | i. નીતિન મહેતા |
| b. કાવ્યબાની | ii. વિરંચી ત્રિવેદી |
| c. રમણીયતાનો વાગ્‌વિકલ્પ | iii. શિરીષ પંચાલ |
| d. અર્વાચીન ગુજરાતી શોકોર્મિકવિતા | iv. સિતાંશુ મહેતા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | ii | iv | iii |
| (B) | iv | iii | ii | i |
| (C) | ii | iv | iii | i |
| (D) | iii | i | iv | ii |

56. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. ખીજડિયું | i. લોકગીત |
| b. ઝમરખ દીવડો | ii. દુહા બદ્ધકથા |
| c. પ્રીતના પાવા | iii. લોકકથા |
| d. ચુડ વિજોગણ | iv. લગ્નગીતો |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iii | iv | i | ii |
| (B) | i | iv | iii | ii |
| (C) | ii | iii | iv | i |
| (D) | iv | ii | i | iii |

57. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. પંજાબના ખેડૂતોની વાસ્તવિક સ્થિતિનું આલેખન | i. આરોગ્ય નિકેતન |
| b. સાંપ્રદાયિક વૈમનસ્યનું આલેખન | ii. જીન્દગી નામા |
| c. આત્મકથનાત્મક નવલકથા | iii. તમસ |
| d. આરોગ્ય અને એલોપેથીની ચિકિત્સા વચ્ચેનો સંઘર્ષ | iv. ન હન્યતે |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iii | ii | i | iv |
| (B) | ii | iii | iv | i |
| (C) | iv | i | ii | iii |
| (D) | i | iv | iii | ii |

Prepp
Your Personal Exams Guide

58. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. ભવાઇ સ્વરૂપનો પ્રયોગ | i. નઘરોળ |
| b. વ્યક્તિચિત્રોના આલેખન | ii. અલગારી રખડપટ્ટી |
| c. ઇંગ્લેંડના પ્રવાસનું વર્ણન | iii. ઉગમણો દેશ |
| d. જાપાનના પ્રવાસોનું વર્ણન | iv. હોહોલિકા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | iii | iv | ii |
| (B) | iii | ii | i | iv |
| (C) | ii | i | iii | iv |
| (D) | iv | i | ii | iii |

59. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. મરુભૂમિ | i. અલકેશ પટેલ |
| b. સિદ્ધાર્થ | ii. પ્રવીણ દરજી |
| c. ઇતરજન | iii. હરીન્દ્ર દવે |
| d. સૌન્દર્યો હજી જન્મ્યાં નથી | iv. ભારતી દલાલ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | ii | iii | i | iv |
| (B) | iii | ii | i | iv |
| (C) | iii | i | iv | ii |
| (D) | i | iv | ii | iii |

60. સાંચા જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. રાધા કમલ મુકર્જી | i. Sociology of Indian Literature |
| b. જયોં મેરી ગ્યુ | ii. Literature and Image of Man |
| c. લોવેન્થલ | iii. Art from the View of Sociology |
| d. સુલોચના રાંગેય રાઘવ | iv. Sociology of Art |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iv | iii |
| (C) | ii | i | iii | iv |
| (D) | iii | iv | ii | i |

Prepp
Your Personal Exams Guide

61. કાળક્રમમાં ગોઠવો.

a. વિશ્વશાંતિ

b. રાસતરંગિણી

c. મળેલા જીવ

d. સદ્‌માતાનો ખાંચો

| | | | | |
|---|---|---|---|---|
| (A) | (b) | (a) | (c) | (d) |
| (B) | (c) | (b) | (a) | (d) |
| (C) | (a) | (b) | (c) | (d) |
| (D) | (d) | (b) | (c) | (a) |

62. કાળક્રમમાં ગોઠવો.

a. પ્રશિષ્ટતાવાદ

b. કૌતુકપ્રિયતાવાદ

c. દાદાવાદ

d. અતિવાસ્તવવાદ

| | | | | |
|---|---|---|---|---|
| (A) | (d) | (c) | (b) | (a) |
| (B) | (a) | (b) | (c) | (d) |
| (C) | (b) | (c) | (d) | (a) |
| (D) | (a) | (d) | (b) | (c) |

Prepp
Your Personal Exam Guide

63. કાળક્રમમાં ગોઠવો.

a. ગુજરાતીમાં વિવેચનતત્વ વિચાર

b. કવિતા અને સાહિત્ય

c. કાવ્યતત્વ વિચાર

d. અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય

| | | | | |
|---|---|---|---|---|
| (A) | (a) | (b) | (d) | (c) |
| (B) | (b) | (c) | (a) | (d) |
| (C) | (d) | (c) | (b) | (a) |
| (D) | (b) | (c) | (d) | (a) |

64. કાળક્રમમાં ગોઠવો.

a. તાલવ્ય વ્યંજનો સ્પર્શ સંઘર્ષી બને છે
b. સાનુનાસિક સ્વરો નવા વિકસે છે
c. કંઠ્ય સ્પર્શવ્યંજનોની બે શ્રેણીઓ
d. અંત્ય સ્વરોના હ્રસ્વત્વની પ્રક્રિયા

| | | | | |
|---|---|---|---|---|
| (A) | (a) | (d) | (c) | (b) |
| (B) | (d) | (b) | (a) | (c) |
| (C) | (c) | (d) | (b) | (a) |
| (D) | (a) | (b) | (d) | (c) |

65. કાળક્રમમાં ગોઠવો.

a. ઉત્તર ગુજરાતી ભાષા : સર્વેક્ષણ અને અભ્યાસ
b. મનો ભાષાવિજ્ઞાન
c. ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ
d. ધ્વનિ સ્વરૂપની વિભાવનાનો વિકાસ

| | | | | |
|---|---|---|---|---|
| (A) | (a) | (b) | (d) | (c) |
| (B) | (b) | (c) | (a) | (d) |
| (C) | (c) | (d) | (b) | (a) |
| (D) | (d) | (c) | (a) | (b) |

Your Personal Exam Guide

66. કાળક્રમમાં ગોઠવો.

a. કરૂણ પ્રશસ્તિ
b. ગઝલ
c. ખંડકાવ્ય
d. અછાંદસ

| | | | | |
|---|---|---|---|---|
| (A) | (a) | (b) | (c) | (d) |
| (B) | (b) | (a) | (d) | (c) |
| (C) | (c) | (a) | (b) | (d) |
| (D) | (a) | (c) | (d) | (b) |

Prepp
Your Personal Exams Guide

**67.** કાળક્રમમાં ગોઠવો.

a. જીન્દગી નામા

b. ન હન્યતે

c. ગોરા

d. ગૃહભંગ

(A) (d) (c) (b) (a)

(B) (a) (b) (d) (c)

(C) (c) (d) (b) (a)

(D) (d) (c) (a) (b)

**68.** કાળક્રમમાં ગોઠવો.

a. કાળુ

b. ઈશો

c. ઈશાન

d. નિષાદ

(A) (b) (c) (d) (a)

(B) (c) (b) (a) (d)

(C) (a) (b) (c) (d)

(D) (a) (d) (c) (b)

Prepp Your Personal Exam Guide

**69.** કાળક્રમમાં ગોઠવો.

a. ફાયર ઓન ધ માઉન્ટેઇન

b. મધર

c. સિદ્ધાર્થ

d. ધ વેસ્ટ લેન્ડ

(A) (b) (a) (c) (d)

(B) (d) (b) (c) (a)

(C) (a) (c) (b) (d)

(D) (c) (d) (a) (b)

[redacted]

Prepp
Your Personal Exams Guide

70. કાળમમાં ગોઠવો.

a. ફાર્બસ ગુજરાતી સભા

b. બુદ્ધિવર્ધક સભા

c. કલા સ્વાધ્યાય મંદિર

d. ગુજરાતી સાહિત્ય પરિષદ

| | | | | |
|---|---|---|---|---|
| (A) | (b) | (a) | (d) | (c) |
| (B) | (a) | (b) | (c) | (d) |
| (C) | (d) | (c) | (b) | (a) |
| (D) | (c) | (d) | (b) | (a) |

71. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

A : 'દિવ્યચક્ષુ' માં કથાનાયક અરુણ અંધ છે.

R : અરુણ આગની એક ઘટનામાં અન્યને સહાય કરવા જતાં આંખો ગુમાવે છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

72. નીચેના વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

A : પદ પૂર્વાધ વક્તાને 'પ્રત્યય વક્તા' પણ કહેવામાં આવે છે.

R : પદના પૂર્વાધમાં પ્રત્યય રહે છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

73. નીચેના વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

A : નર્મદના મતે કવિતાને કંઇ ગાયનની જરૂર નથી.

R : નર્મદના મતે કવિતા અને સંગીત જુદાં સ્વરૂપો છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

Prepp
Your Personal Exams Guide

74. નીચેના વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.
A : ભાષાના સંકેતો યાદચ્છિક નથી.
R : આ ધ્વનિ સંકેતો અને તેમાંથી ફલિત થતા અર્થને કોઇ વૈજ્ઞાનિક સંબંધ નથી હોતો.
(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

75. નીચેના વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.
A : સંશોધિત સત્ય ક્યારેય કાયમી સત્ય બની શકે નહી.
R : સંશોધનની પ્રક્રિયા એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે.
(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

76. નીચેના વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.
A : 'ભવાઇ' માત્ર ધર્મ સાથે સંકળાયેલુ સ્વરૂપ છે.
R : 'ભવાઇ'માં માતાજીની આરાધના એનો એક ભાગ હોય છે.
(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

77. નીચેના વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.
A : 'ધરતી ખોળે પાછો વળે'માં રામ એતાળ બીજા લગ્ન કરે છે.
R : રામ એતાળ ને પ્રથમ પત્ની સાથે સતત સંઘર્ષ થતો હતો.
(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

78. નીચેના વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.
A : 'ચહેરા'માં નિષાદ નોકરીમાંથી રાજીનામું આપીને દ્વારકા જવાનું નક્કી કરે છે.
R : નિષાદ દ્વારકામાં પરિવાર સાથે રહેવા ઇચ્છતો હતો.
(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

79. નીચેના વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

A : લેડી મેકબેથે રાજા ડંકનનું ખૂન કરવાનું ષડયંત્ર ગોઠવ્યું હતું.

R : લેડી મેકબેથને રાજ્યસિંહાસન પર બેસવાનું સ્વપ્ન હતું.

(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

80. નીચેના વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

A : સાહિત્ય અને સંસ્કૃતિ પરસ્પર સંકળાયેલાં છે.

R : સાહિત્ય સંસ્કૃતિનો જ એક અંશ છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

81. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'હરિવર મુજને હરિ ગયો ! મે તો વ્હાલ કીધુ ન્હોતુ ને ત્હોયે મુજને વરી ગયો'- આ કાવ્યપંકિત નિરંજન ભગતની છે.

B : 'આપ મેળે રંગ જાય રેલાઇ તો! અમે નથી એને લૂછીએ એવા'- આ કાવ્યપંકિત મકરંદ દેવની છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

82. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'પરાવાસ્તવવાદ' સાથે આન્દ્રે બ્રેતોનું નામ જોડાયેલું છે.

B : 'પર્યાવરણ કેન્દ્રી વિવેચન' શીર્ષક હેઠળ નૂતન જાનીએ પુસ્તક પ્રકાશિત કર્યું છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

83. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'ઉપાયન' સુંદરમની ષષ્ઠિપૂર્તિ પ્રસંગે પ્રગટ થયેલા લેખોનો ગ્રંથ છે.

B : 'કવિતા સાથે કામ પાડવું એમાં સૌથી વધુ કોઇ વસ્તુની જરૂર પડતી હોય તો તે વિવેક શકિત' – આ વિધાન ઉમાશંકર જોશીનું છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

Prepp
Your Personal Exams Guide

84. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'એણે મારી સામું જોયુ પણ નહીં' વાકયમાં 'સામું' નામયોગી છે.

B : 'સામું ઘર કોનું છે?' વાકયમાં 'સામું' વિશેષણ છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

85. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : વિવેચન પૂરેપૂરી વસ્તુલક્ષી પ્રવૃતિ છે.

B : સંશોધન પૂરેપૂરી આત્મલક્ષી પ્રવૃતિ છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

86. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : ચં.ચી. મહેતાએ 'નાટક' ને 'બોલતો શબ્દ' કહ્યો છે.

B : અછાંદસ કાવ્ય ગદ્યકાવ્યનો પર્યાય નથી.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

87. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'ગોરા' નવલકથાને સુકુમાર સેને 'આધુનિક ભારતનું મહાભારત' કહ્યું છે.

B : 'આરોગ્યનિકેતન' નવલકથામાં નાયકપદે પ્રધાનવાડા ગામ છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

88. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'અલગારી રખડપટ્ટી માં જાપાનના મુસાફરીના અનુભવો આલેખવામાં આવ્યા છે.

B : 'યાત્રા' સુંદરમની આધ્યાત્મિક યાત્રાની વ્યંજના છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

Prepp
Your Personal Exams Guide

89. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : વિશ્વસાહિત્યની સમજ થકી કાળક્રમે 'તુલનાત્મક સાહિત્ય' વિકાસ પામ્યું છે.
B : વિશ્વસાહિત્ય રાષ્ટ્રીય સાહિત્યનો છેદ ઉડાડી દે છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

90. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો.

A : પત્રકાર સમાજનો ફોટોગ્રાફર છે
B : સર્જક સમાજનો ચિત્રકાર છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

નીચેના કાવ્યના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

આજ

આજ અંધાર ખુશબો ભર્યો લાગતો,
આજ સૌરભ ભરી રાત સારી,
આજ આ શાલની મંજરી ઝરી ઝરી,
પમરતી પાથરી દે પથારી.- આજ

આજ ઓ પારથી ગંધને લાવતી
દિવ્ય કો સિન્ધુની લહરી લહરી,
આજ આકાશથી તારલા માંહીથી
મ્હેકતી આવતી શી સુગંધી!- આજ

કયાં, કયું પુષ્પ એવું ખીલ્યુ, જેહના
મઘમઘાટે નિશા આજ ભારી?
ગાય ના કંઠ કો, તાર ના ઝણઝણે :
કયાં થકી સુર કેરી ફુવારી ? - આજ

હૃદય આ વ્યગ્ર જે સુર કાજે; હતું,
હરિણ શું, તે મળ્યો આજ સુર?
ચિત જે નિત્ય આનંદને કલ્પતું,
આવિયો તે થઇ સુરભિ-પૂર ? - આજ

- પ્રહલાદ પારેખ

91. 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો' માં કઇ પ્રયુક્તિનો વિનિયોગ કરવામાં આવ્યો છે ?

(A) ધ્વનિ વ્યત્યય
(B) વર્ણ વ્યત્યય
(C) ઈન્દ્રિય વ્યત્યય
(D) વિચાર વ્યત્યય

Prepp
Your Personal Exams Guide

92. કાવ્યની બીજી કડીમાં કયાં બે પરિમાણોનો નિર્દેશ છે ?

(A) સમુદ્ર અને ગગન
(B) અગ્નિ અને વાયુ
(C) અવની અને અગ્નિ
(D) આકાશ અને પાતાળ

93. કાવ્યની બીજી કડીમાં ઘ્રાણેન્દ્રિયના કયા અનુભવમાંથી ———— ઇન્દ્રિય અનુભવમાં સંક્રમણ થાય છે.

(A) સ્પર્શેન્દ્રિય
(B) સ્વાદેન્દ્રિય
(C) દ્રષ્ટિન્દ્રિય
(D) શ્રવણેન્દ્રિય

94. પ્રસ્તુત કાવ્યનો છંદ જણાવો

(A) ઝૂલણા
(B) હરિગીત
(C) સવૈયા
(D) આર્યા

95. વ્યાકરણની દષ્ટિએ 'મઘમઘાટ' કયા પ્રકારનો શબ્દ છે ?

(A) સમાસ
(B) સંયોજક
(C) નામયોગી
(D) દ્વિરુકત

**નીચેના ગદ્યખંડના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.**

લડાઇના કામમાંથી છુટા થયા પછી મને લાગ્યુ કે હવે મારું કામ દક્ષિણ આફ્રિકામાં નથી પણ દેશમાં છે. દક્ષિણ આફ્રિકામાં બેઠો બેઠો હું કાંઇક સેવા તો જરૂર કરું. પણ ત્યાં મારો મુખ્ય ધંધો તો પૈસા કમાવાનો જ થઇ પડે એમ મને લાગ્યું.

દેશથી મિત્રવર્ગની ખેંચ પણ દેશ આવવા તરફ ચાલુ હતી. મને પણ ભાસ્યું કે દેશ જવાથી મારો ઉપયોગ વધારે થઇ શકશે. નાતાલમાં મિ.ખાન અને મનસુખલાલ નાજર હતા જ.

મેં સાથીઓ આગળ મુકત થવાની માગણી કરી. ઘણી મુસીબતે એ માગણીનો શરતી સ્વીકાર થયો. શરત એ હતી કે, એક વર્ષની અંદર જો કોમને મારી જરૂર જણાય તો મારે પાછું દક્ષિણ આફ્રિકા જવું. મને આ શરત કઠણ લાગી, પણ પ્રેમ પાશથી હું બંધાયેલો હતો:

કાચે રે તાંતણે મને હરજીએ બાંધી
જેમ તાણે તેમ તેમની રે
મને લાગી કટારી પ્રેમની.

આ મીરાંબાઇની ઉપમાં થોડેઘણે અંશે મને લાગુ પડતી હતી. પંચ પણ પરમેશ્વર જ છે. મિત્રોના બોલને હું તરછોડી ન હોતો શકતો. મે વચન આપ્યું ને રજા મેળવી.

આ વેળા મારો નિકટ સંબંધ નાતાલ સાથે જ હતો એમ કહેવાય. નાતાલના હિંદીઓએ મને પ્રેમામૃતથી નવડાવી મૂકયો. ઠેક ઠેકાણે માનપત્રો આપવાની સભાઓ થઇ, અને દરેક ઠેકાણેથી કીમતી ભેટો આવી.

૧૮૯૬ માં જયારે હું દેશ આવેલો ત્યારે પણ ભેટો મળેલી, પણ આ વખતની ભેટોથી ને સભાઓના દશ્યથી હું અકળાયો. ભેટોમાં સોનાચાંદીની વસ્તુઓ તો હતી જ, પણ તેમાં હીરાની વસ્તુઓ પણ હતી.

- ગાંધીજી

www.prepp.in

96. પ્રસ્તુત ગદ્યખંડમાં કઇ લડાઇનો સંકેત છે ?
   (A) દક્ષિણ આફ્રિકાની લડાઇ
   (B) પ્રથમ વિશ્વયુદ્ધ
   (C) અહિંસાની લડાઇ
   (D) ગૃહ યુદ્ધ

97. પ્રસ્તુત ગદ્યખંડમાં પ્રયોજાયેલ 'નાજર' શબ્દનો અર્થ જણાવો.
   (A) મુનિમ
   (B) બેલીફ
   (C) અદાલત નો અમલદાર
   (D) શેરીફ

98. પ્રસ્તુત ગદ્યખંડમાં 'નાતાલ' નામના સ્થળનો ઉલ્લેખ છે તે ક્યાં આવેલુ છે ?
   (A) દક્ષિણ આફ્રિકા
   (B) ભારત
   (C) ઇટલી
   (D) ઇંગ્લેડ

99. લેખક '૧૮૯૬માં જ્યારે હું દેશ આવેલો' એમ લખે છે એમાં કયા દેશનો નિર્દેશ છે ?
   (A) આફ્રિકા
   (B) ઇંગ્લેન્ડ
   (C) ઓસ્ટ્રેલિયા
   (D) ભારત

100. પસ્તુત ગદ્યખંડ કયા પુસ્તક માંથી લેવામાં આવ્યો છે ?
   (A) દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ
   (B) સત્યના પ્રયોગો
   (C) હિંદ સ્વરાજ
   (D) મંગળપ્રભાત

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Space for Rough Work**

SEAL

prepp
Your Personal Exam Guide